

# ગુણાતીત જ્યોત

બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.



વર્ષ ૫૫, અંક : ૧૦, તા.૨૧મી ઑક્ટોબર, ૨૦૨૫, સંવત – ૨૦૮૧ આસો વદ – ૩૦, મંગળવાર
દર માસની ૨૧મીએ પ્રગટ થતું માસિક, વાર્ષિક ફી : રૂા.૧૦૦



<u>સ્વામીશ્રીજી</u>


૧૫ ૧૦/૯૬

ગુણાતીત સમાજના બધા
મુક્તોજોગ ગુરૂ પ્રાર્થનાપત્ર

—x—

"ભક્તિમય જ્ઞાનથી ભગવાન બંધાયાં"
તે ભક્તિ ભાવનામાં આવ્યું ત્યારે સ્વીકાર્યા કે
જો ભગવાન પ્રેમે બંધાયા છે તો
કેવળ આપણે તેમને ભૂલીએ નહિ તે
આપણને નથી ભૂલ. ને જ્યારે - જીવનમાં
[illegible]
[illegible]
[illegible]
[illegible]
તો આપણે [illegible] કેરમાં
રહીને આનંદ [illegible]
ભગવાન કરી દેશે.

પપ્પા



સેવાના ધર્મ:
ગુણાતીત સમાજના
મહામાનવની સાધના કરતા
સાધકો.
સંજીવની મંત્ર:

(૧) સર્વોપરી, સર્વવ્યાપી, સર્વનિયંતા, સાકાર પ્રભુએ તમને તેની સેવા કરવા માટે પસંદ કર્યા છે! પછી ચિંતા શાની? તે હજુર છે. કદીય ઓછા થવા દેશો નહિ.

(૨) તે ધ્યેય તરફ નિખાલસ, પ્રામાણિક અને વફાદાર રહીએ તો.

(૩) પળેપળ તેના તરફ ખુલા રહી, તેની સેવા તેની રીતે કરવા તેની મદદ અને કૃપાની અભિપ્સા રાખો અને પછી નિર્ભીક અને સ્વાધીન રહી વર્ત્યે જાવ.

(૪) તે સેવા માટે જ્યારે જ્યાં જેટલી જરૂર હશે ત્યારે ત્યાં તેટલું તેજ આપી રહેશે જ તેવી અતૂટ શ્રદ્ધા રાખો.

(૫) ધ્યેય તરફ જતાં હાર-જીત થાય, મુશ્કેલી આવે, માન અપમાન થાય, સુખ દુઃખ આવે, ત્યારે ખેલદીલી રાખો. પ્રતિકૂળતાઓથી ડરી જઈ હારી ન જતાં, નવીન શ્રદ્ધા અને જુસ્સો રાખો. ધ્યેય તરફનું પ્રયાણ ચાલુ જ રાખો.

(૬) બીજાઓ તરફની ટીકાઓથી ગભરાઈ ડરો નહિ. તે જોઈ, ભૂલ થતી હોય તે નોંધી, મિથ્યાત્વ ગાંઠ વાળી તે ટીકા સહેતા શીખી જાવ. ને તમારું પ્રયાણ અવિરતપણે ચાલુ રાખો.

(૭) બીજાની પ્રગતિ કદાપિ માપવાનો કે સરખામણી કરવાનો પ્રયત્ન સાધના દરમ્યાન કરશો જ નહિ.

(૮) કોઈનાય ક્રિયાના કાજી થશો નહિ. તે તમારું કામ નથી.

(૯) આપણે જ્યારે નામ-નાત જાત છોડી પ્રકટપુરુષ સુહૃદનું જ આપણું ગૌરવ તેમાં સળગાવી રાખ કરી તેના સિંહાસન ઉપર બિરાજે એવા બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની સેવાની સાધના શરૂ કરી છે. તો આપણે ખોયાનું શું છે? ને ડરો છો!

(૧૦) સાધકો નિત્ય સમતા રાખવા શૂરવીર બનો. વિજય તમારો છે જ.

પપ્પા. 26/1/76





શ્રી ગુણાતીતાનંદસ્વામીજીના પ્રાગટ્યોત્સવની સ્મૃતિપળો...













# ગુણાતીત જ્યોત

ગુણાતીત પદ સ્વરૂપમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.





સંસ્થાપક : ગુરુહરિ પપ્પાજીમહારાજ   પ્રેરણામૂર્તિ : પ.પૂ.હંસાદીદી

## સ્વાધ્યાય સંદેશ

**પંચામૃત : 3** આધ્યાત્મિક સમતાભરી નિર્દોષબુદ્ધિ સૌમાં, સૌ પળે, સર્વ પ્રસંગે રાખવી. – ગુરુહરિ પપ્પાજીમહારાજ



### શ્રીજી રસામૃત

'... ભગવાન જ્યારે જીવોના કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે અવતાર ધારણ કરે છે; ત્યારે તે ભગવાનના સ્વરૂપનો જેને સત્ સમાગમે કરીને દ્રઢ નિશ્ચય થાય છે, તેનો જીવ બીજના ચંદ્રમાની પેઠે દિવસે દિવસે વૃદ્ધિને પામતો જાય છે...' (વચ.વડતાલ ૧૨)



### શ્રી અક્ષર બ્રહ્મરસ

સો કરોડ રૂપિયા હોય ને એક દોકડો ખોવાઈ જાય તો તે ગણતીમાં નહીં, તેમ ભગવાનનો મહિમા સમજાય તેને કોઈ વાતની ગણતી ન રહે.

(સ્વામીની વાતુ પ્રક.૪ની ૧૨૧મી વાત)



### દિવ્યામૃત

પરબ્રહ્મની પ્રસન્નતા પ્રાપ્ત કરવાના હેતુથી નિરંતર જીવે, ઉપાસના કરે, નિરંતર સંબંધવાળાને પ્રગતિ કરતાં ચૈતન્યો માનીને વર્તે, તેમના દોષ કે ગુણ મનમાં ધાર્યા વિના કેવળ પ્રભુનું સ્મરણ, સ્મૃતિ કર્યા કરે તેવા મુક્તોને જરૂરિયાતનું આફરડું આવી જ મળે.

(તા.૧૯.૧૦.૧૯૮૭)

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| સ્વાધ્યાય સંદેશ... | ૫ | વચનામૃત ગ.અં.૨૬નું નિરૂપણ... | ૮ |
| ગુરુહરિ પપ્પાજીમહારાજની પરાવાણી... | | પરમની આરાધના | ૧૧ |
| ૧૯મી નવેમ્બર સંકલ્પ સ્મૃતિદિને... | ૬ | સત્સંગ સમાચાર... | ૧૨ થી... |



# પપ્પાજીની પરાવાણી...

## ૧૯મી નવેમ્બર સંકલ્પ સ્મૃતિદિને...

ઈ.સ.૧૯૬૩માં ગણેશપુરી મેંગ્લોર હાઉસમાં શિબિર કરેલી. ત્યારે ૧૯મી તારીખે બધાએ ભેળા મળી સંકલ્પ કરેલો. તેમાં ગૃહસ્થો અને વ્રતધારી ભગવાન ભજનારાં બહેનો હતાં. તે વખતે તારદેવમાં ૧૦-૧૨ બહેનો રહેતાં'તાં. પણ આખા ગુજરાતમાંથી બધા સત્સંગીઓને બોલાવ્યા હતા. જે ભજવાવાળાં બહેનો હતાં એ અને મુંબઈના ગૃહસ્થ કુટુંબના સભ્યોની અઠવાડિયાની શિબિર કરેલી.

હેતુ એ હતો કે દેહભાવથી પર રહેવું છે, બ્રહ્મભાવમાં જીવવું છે. આખો સમાજ અક્ષરધામનું જીવન જીવે એવી રીત તે દા'ડે આપણે શરૂ કરેલી. બધા અલૌકિક મૂલ્યાંકનોથી પર, નિરંતર અક્ષરધામરૂપ રહીને જગતમાં જઈએ ત્યારે કેવી રીતે જીવવું ? સાધના કેવી રીતે કરવી? તે બાબતની એક શિબિર ત્યાં કરી હતી.

તે દિવસે બહુ સ્પષ્ટ ખ્યાલ નહોતો કે આવી જ્યોત ઉભી થશે. સંકલ્પ હતો કે બહેનો માટે કંઈક કરી આપીએ. તો તે વખતે જ ભગવાન ભજવા અને ભજાવવાનો સંકલ્પ કર્યો. ને તે બધા સ્વામીસ્વરૂપ બની ગયા. અખંડ અક્ષરધામની સમાધિમાં રહેતા થઈ ગયા અને બીજાને રાખતા થયા. બહેનો, ગૃહસ્થો થઈને ૨૦૦ જણ હતા. ભજનારાં બહેનો હતાં તેમાંથી ૨૭ જણને વ્રત આપ્યું હતું અને સંકલ્પ કરાવેલો કે...

૧. ભગવાન ભજવા ને ભજાવવાનો જ અમે આખી જિંદગી ઉદ્યમ કરીશું.

૨. પ્રત્યક્ષ સાક્ષાત્ અક્ષરધામનું સ્વરૂપ પૂ.બાપા ને તેમના જ નિષ્ઠાવાળા ધામ, ધામી ને મુક્તોને કેવળ દિવ્ય જ માનીશું. તે વગર સાત જડકોટિમાં માલ જ નહીં માનીએ તે જ્ઞાન.

૩. પ્રત્યક્ષ સ્વરૂપ તરફની અતિ દ્રઢ વફાદારી, તેની જ અનુવૃત્તિ પ્રમાણે જીવવું ને લોક, ભોગ, દેહ ને પક્ષ સ્વધર્મ ન ચૂકાવે તેવું દ્રઢ જાણપણું રાખવા પ્રયત્ન કરીશું. સંકલ્પ, ભાવ ને ક્રિયા બાપાને જ રાજી કરવા કરીશું.

૪. બાપા ને મુક્તોના સંબંધ વગરના તરફ કેવળ અરૂચિ. તેનું તો મનન, ચિંતવન થાય જ નહીં તેવો વૈરાગ્ય રાખવા જાણપણું રાખીશું. વિક્ષેપ કે અભાવ આવશે તો મૂર્તિનું બળ લઈ પશ્ચાતાપ કરી બાપા પાસે ગદ્‌ગદ્ કંઠે માફ કરાવીશું.

૫. બાપાને વચ.ગ.પ્ર.૨૭ પ્રમાણે કર્તા, સાકાર, પ્રગટ ને સર્વોપરી માની દરેક તરફ નિર્દોષભાવ રાખીશું.

૬. નિરંતર અક્ષરધામમાં જ જીવવા ૧૪ લોક એ રીતે વર્તે એવું જાણપણું રાખીશું.

૭. એકાંતિક ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિએ સહિત બાપાનું સ્વરૂપ પ્રધાન રાખીશું. તેને માટે તેની જ રીતે કેવળ ભક્તિરૂપ સંકલ્પ, ભાવ ને ક્રિયા કરીશું.

આમ જોગીબાપાના વિશ્વાસે ને શ્રદ્ધાએ ઝંપલાવ્યું. બાપામાં શ્રદ્ધા હતી કે પુરુષોત્તમનારાયણ મળ્યા છે તો તેનું બિરૂદ છે કે આપણને ગુણાતીત કરીને મૂકશે. એ

શ્રધ્ધાએ ઝંપલાવ્યું તો શ્રદ્ધા ફળી. અંતરની ભાવના હતી કે તું રાજી થઉં તેવું કરવું છે. અને એ તો એના જેવા કરે ત્યારે રાજી થાય ને ! એ એણે કરી આપ્યું. જોગીબાપાએ જે વચનામૃત લખીને મોકલ્યા'તા તે પ્રમાણે ગણેશપુરીમાં શિબિર કરી હતી. ત્યારે અક્ષરધામની સમાધિમાં રહ્યા અને તે સુખ અનુભવ્યું.

જે ગૃહસ્થો આવેલા તે બધાના નામ લખ્યા'તા. અને તે વખતે સંકલ્પ કર્યો'તો કે જે કોઈ ભજે છે તે એકાંતિક ધર્મ સિદ્ધ કરે. ગુણાતીતભાવમાં રહેતો થઈ જાય. હું ગુણાતીત છું તેવું મનાય. અને આપણે જોઈએ છીએ કે એવું દરેકને મનાઈ ગયું. જે કોઈ નહોતા આવ્યા તેમનાંય નામ લખેલા. ગુણાતીત સમાજની જોડે જોડાયેલો છે તે બધાયને માટે તે દિવસે સંકલ્પ કરેલો.

બાપાની જન્મજયંતી ઉજવાતી હતી તે વખતે પ્રાર્થના કરી હતી કે 'હે બાપા ! તમારા જેવા સુખિયા કરી દો. એવા આશીર્વાદ આપી દ્યો.' બાપા કહે, 'વચ.કા.૫ પ્રમાણે જે જે સંકલ્પ કરશો તે પૂરા કરવા માટે ભગવાન આવ્યા છે.' જ્ઞાની-અજ્ઞાની સૌ કોઈ જેવા સંકલ્પ કરે એ પૂરાં કરે એવું એમણે કરી આપ્યું.

૧૯૬૩માં સંકલ્પ કરેલો ને ત્યાર પછી ભજવા આવ્યા તે બધાને અત્યારે કેટલું બધું સુગમ થઈ ગયું. સાધના સરળ થઈ ગઈ. સરળતાથી બધાનું સ્વ ઓગળે છે. આધ્યાત્મિક ઉત્થાનનો નવો ઈતિહાસ રચાઈ રહ્યો છે. ખરેખર બધા વચ.ગ.છે.૨૬ સિદ્ધ કરવા મંડ્યા છે. જેમણે ગણેશપુરીમાં વ્રત લીધું તે બધા પાકી ગયાં. ધન્ય છે તેમની શૂરવીરતાને અને ખપને ! કારણ 'સ્વ' ઓગાળે ત્યારે ઝીરવી શકવાની તાકાત જોઈએ. તે આ મોટેરાં બહેનોએ પોતાના ઈંદ્રિયો, અંતઃકરણ તરફ શૂરવીરતા રાખી તો પામી ગયાં. આ જોગીબાપાનો વિજય છે.

હવે આ મોટેરાંની આજ્ઞા પ્રમાણે જે નાના-નાના ખપથી મંડ્યા છે કે અમારે પૂરું કરીને જ જંપવું છે. આ આધ્યાત્મિક સત્યુગ વર્તી રહ્યો છે તેની નિશાની. બસ ગુરુ કહે તેમ કર્યા કરવાથી બ્રહ્મની અનુવૃત્તિ પ્રગટવાની જ છે. મૂંઝવણ, વિક્ષેપ, અભાવમાંથી ૨-૩ મિનિટમાં પાછા આવી જવાય તે પ્રાપ્તિ છે.

આજે ૧૯મી નવેમ્બર. બધાંને વચ.ગ.છે.૧૧ જેવી સ્થિતિ થઈ જાય. મહામાનવ બનીને બીજાને પણ દોરવણી આપતાં થઈ જાય.

હવે અગત્યની વાત કે, રૂંવાડે રૂંવાડામાં હું દાસ છું એવી નિષ્ઠા રાખવી છે. ને કાર્યકારણમાં પડવું નથી. ભિન્ન અંગવાળાની મૈત્રી રાખીએ. મહારાજની નિષ્કામભક્તિ ગુણાતીતના સુહૃદ બનીને કરવી છે.

આપણે દર ૧૯મી નવેમ્બરે સંકલ્પ કરીએ છીએ કારણ માયિક વસ્તુ વણસંભારે સાંભર્યા કરે ને અમાયિક ને દિવ્ય વાત વારેવારે સંભારવી પડે. એટલે સંકલ્પ ફરી યાદ કરી, ધ્યેય તરફની જાગ્રતતા મેળવીએ છીએ.

ઘણું ખરું સંકલ્પ પ્રમાણે થતું જ હશે. ને ના થતું હોય તો જાગ્રત બની ચાડ્ય રાખીને મંડી પડીએ. ગૃહી ત્યાગીનો કોઈ મેળ નથી. નાના-મોટા, ઘરડા-જુવાન બધાય જસુબેનની માફક શૂરવીરતાથી મંડે તો ધડાકો બોલી જાય.

અત્યારે જોગ ઉત્તમ છે. સાથ પણ ઉત્તમ છે તો લઈ જ મંડીએ. ગુણાતીતભાવમાં રહેવાની સમજણ સૌને દ્રઢ થાય ને પ્રાપ્તિનો કેફ મોળો પડે નહીં.

હે મહારાજ ! હે યોગીબાપા ! આજે તમને પ્રાર્થના છે કે, જે જે સાધકો ગુણાતીતભાવમાં રહેતાં થવાની, વચ.ગ.છે.૨૬નો આદર્શ લઈ સાધના કરવા મંડ્યા છે તે બધા જ નિરંતર અક્ષરધામની જ્ઞાનસમાધિમાં રહેતા થઈ જાય તેવી કૃપા કરજો.

મોટેરા નિરંતર ગુણાતીત સ્વરૂપના અનુસંધાને અને અનુવૃત્તિથી ચિદાકાશરૂપ રહી પરબ્રહ્મને ધારતા રહે ને તેમના હેતવાળા ચૈતન્યો, ગૃહસ્થો મોટેરાં કહે તેમ નિ:શંક થઈને વર્તે. જેથી તેઓ ચિદાકાશની સમાધિમાં રહી, અક્ષરધામરૂપ રહી પરબ્રહ્મની ઉપાસના કરતા થઈ જાય. એ રીતે આખો સમાજ તમારી રુચિ પ્રમાણે વચ.ગ.છે.૨૬ ને મ.૧૩ પ્રમાણે મહામાનવનું સુખ ભોગવે તેવું બળ આપજો.

(તા.૧૯.૧૧.૧૯૯૨)

**પ.પૂ.દીદીએ ૨૦૨૫ માટે આપેલો આદેશ...**
**લક્ષ : સંકલ્પ સિદ્ધ કરીએ પપ્પાજીનો... વચ.ગ.છે.૩૫માંથી વચ.ગ.છે.૨૬માં જઈએ...**






# વચનામૃત ગ.અં.૨૭ : મન–ઈંદ્રિયોને દાબીને વર્તે તેવા સંતનું...

## ગુરુહરિ પપ્પાજીમહારાજે કરેલું નિરૂપણ...

(ગતાંકથી ચાલુ...)

ભગવાન સંબંધી ક્રિયા એટલે ભગવાનની આજ્ઞાએ કરીને, ભગવાનની અનુવૃત્તિ પ્રમાણે જીવે તે ભગવાન સંબંધી ક્રિયા. જે સોંપે તે મન પરોવીને કરીએ. તે ભગવાનની સેવા થઈ. ભગવાન ને ભગવાનના ભક્તોના ગુણ ગાયા કરવા. કોઈપણ જીવ આવ્યો એને કેમ કરીને ભગવાનનો સંબંધ થાય તેવું અનુસંધાન રાખવું. ખાધા, પીધાની તો ચિંતા નથી. તેમાં પાછું મંડી નહીં પડવાનું. ગુરુની આજ્ઞા હોય તો જ કરવાનું હમજ્યા ! હરે... મહારાજ આગળ શું કહે છે ?

**'ને પંચવર્તમાનમાં દ્રઢ રહેતા હોય ને પોતાને બ્રહ્મરૂપ માને ને પુરુષોત્તમ ભગવાનની ઉપાસના કરે, એવા જે સંત તેને મનુષ્ય જેવા ન જાણવા. ને દેવ જેવા પણ ન જાણવા...'**

એકાંતિકના પંચ વર્તમાન એ વીજળી જેવા સંતના લક્ષણ મહારાજે બતાવી દીધા. પંચ વર્તમાન જો અહંકારેયુક્ત વાપરીએ તો તે દોષરૂપ છે. ખરેખર ભક્તિ હોય તો ખાવું ય પડે. હેત પણ કરવું પડે. ભક્તોમાં દેહ ને દેહના સંબંધી જેવું હેત રાખવાનું. જેને આપણે આત્મીયતા કહીએ છીએ. સુહૃદભાવ કહીએ છીએ. પ્રભુના છે તો કરવું છે. બાકી ચોર્યાસી લાખ જનમ આ બધું કર્યું. ભગવાનના ભક્તો દિવ્ય છે. એ જ આપણા સગા છે. કારણ કે તેમાં ચૈતન્યરૂપે ભગવાન કામ કરી રહ્યાં છે. એક ભગવદીને જમાડીએ તો લાખ માણસ જમાડ્યાનું ફળ મળે.

ભાગવતમાં વાત છે કે, પાંડવોએ રાજસૂય યજ્ઞ કર્યો. તેમાં દ્રૌપદીએ બ્રાહ્મણોને જમાડ્યા પણ શંખ ના વાગ્યો. એમાં એક એવો ભગવદી હતો એને પત નીકળેલું. તેથી તે કોટની બહાર પડી રહેતો. પણ ભગવાનમાં મસ્ત રહેતો. શ્રીકૃષ્ણ ભગવાને દ્રૌપદીને પૂછ્યું કે બધાને જમાડ્યા ? કોઈ રહી ગયો ? પછી તપાસ કરી તો કોટની બહાર આ પડ્યો'તો. પછી તેને નવડાવી ચોખ્ખો કરીને જમાડ્યો. તો ય શંખ ના વાગ્યો. તો કૃષ્ણએ પૂછ્યું કે, બ્રાહ્મણોને જમાડ્યા તેમ ભાવથી જમાડ્યો'તો ? એટલે કહે, ગંધ આવતી હતી તો ઓરોભાવ થોડો હતો. તો કૃષ્ણ કહે, ભાવથી જમાડ. પછી તેમ કર્યું તો શંખ વાગ્યો.

કહેવાનું તાત્પર્ય શું કે, ભગવાનનો અલ્પ સંબંધ થયો હોય, પ્રભુનું સ્મરણ કરતો હોય તેની ભાવથી સેવા કરીએ તો પ્રસન્નતારૂપી શંખ વાગી જાય. ભગવદીની સેવાનું બહુ મોટું ફળ છે.

એક રાણીને છોકરાં નહોતા. સૂરદાસ તેના આંગણે આવ્યો. તો રાણીએ ભાવથી જમાડ્યો. ને સૂરદાસે આશીર્વાદ આપ્યા કે, જાવ ત્રણ દીકરા રમજો. ભગવાને

નારદજીને કહેલું કે, 'તેના ભાગ્યમાં સાત જન્મ સુધી પુત્રસુખ નથી.' પણ એવા ભગવદીને ભાવથી જમાડ્યા તો આશીર્વાદ નીકળી ગયા ને ત્રણ દીકરા રમતાં થઈ ગયા.

હ. પંચવર્તમાન – આપણે ગુણાતીત સમાજના સભ્ય છીએ. એકાંતિકમાં જોડાયેલા છીએ એટલે પંચવર્તમાન આપણા જીવનમાં દ્રઢ હોય જ.

* **નિર્માની :** જ્યારે અપમાન થાય ત્યારે સ્મિત કરીએ કે થાય તે ખરેખર નિર્માની કહેવાય. કોંકે ગધેડો કહ્યું તો હા. ૮૪ લાખ જન્મ ધર્યા છે તો કોઈક જન્મે તો ગધેડો હોઈશ ને ! સારું થયું તમે સંભારી આપ્યું. એમ સહજ વર્તાય એ નિર્માની. પણ ખોટું લાગે તો આપણી કચાશ છે. આત્માને સત્ય નથી માન્યો. આત્માનો ગુણ તો આનંદ છે. તો અખંડ અંતરમાં બ્રહ્મની મસ્તી રહેવી જોઈએ. માન રાખવું જ હોય તો ગુરુના દાસપણાનું રાખીએ.

* **નિર્લોભી :** જરૂરિયાતથી વધુ રાખીએ ને કોઈને આપીએ નહીં, વાપરીએ નહીં એ લોભ જ કહેવાય.

ગુણાતીતાનંદસ્વામીએ સંતોને પત્તર ને બે કપડાં રાખવાની આજ્ઞા આપેલી. પણ સાધુ ઢગલા કર્યા કરે. તેથી ગુણાતીતે બધાના પટારા જોવાનું કહ્યું તો રાતોરાત બધાએ આઘુપાછું કરી નાખ્યું. કહેવાનું શું કે જરૂરિયાત વગરની વસ્તુ રાખીને કરવું છે શું ? પદાર્થ માટે લડાલડ થાય નહીં. જેવું મળે તેવું ચલાવી લઈએ એ નિર્લોભી.

લોભ રાખવો જ છે તો મૂર્તિનો રાખીએ. તેમને પ્રસન્ન કરવાનો લોભ રાખીએ.

* **નિષ્કામી :** અખંડ આલોચ પ્રભુ કેમ કરીને રાજી થાય એ સિવાય કોઈ ઈચ્છા, કામના ના રહે. સાધના પૂરી કરવી છે તેવી એક ઈચ્છા રહે, ઝંખના રહે એ નિષ્કામી. મનમાં જેમ ઉઠે તેમ કરીએ નહીં એ નિષ્કામી. આપણે બસ પ્રભુને જે ગમે છે તે કરવાની કામના રાખવી છે.

* **નિ:સ્વાદી :** જનરલ જે રસોઈ થાય તે જમી લઈએ. થાળી પછાડીએ નહીં. મને જે મળ્યું તે પ્રભુનો પ્રસાદ છે તેમ માનીને ખારું-ખાટું મોળું-તીખું જેવું હોય તેવું જમી લઈએ એ નિ:સ્વાદી. કોઈની પાસે મકર કરીને કંઈક બનાવડાવીએ નહીં એ નિ:સ્વાદી. ગૃહસ્થ હોઈએ તો પણ ઘરમાં જે બને તે અહોહોભાવે જમીએ. ધમપછાડા કે ગુસ્સો ના કરીએ એ નિ:સ્વાદી.

હું આફ્રિકા હતો ત્યારે દાળ ખારી, ખાટી કે બગડે તો મમ્મીનો દા'ડો બગડે એવો હું. જ્યાં જોગીબાપા મળ્યા ત્યાં આવા સ્વાદ તો ગયા પણ તેમના સિવાય બીજે ક્યાંય હવાદ લાગે નહીં તેવા કરી દીધા.

* **નિ:સ્નેહી :** આપણે આપણા પોતાના ગણાતા હોય તેમને માટે થઈને બીજાનો અભાવ ના લઈએ તો નિ:સ્નેહી કહેવાઈએ. ને જો અભાવ લઈએ તો સ્નેહી કહેવાઈએ. કોઈપણ ચીજવસ્તુ કે વ્યક્તિના સ્નેહના કારણે સ્વધર્મ ચૂકીએ નહીં એ નિ:સ્નેહી.

ભગવાન ભજે છે, ભગવાનના ભક્તો છે તો સ્નેહ રાખીએ. જે ચીજવસ્તુથી આપણને નુકશાન થતું હોય તે ખૂબ ગમતી હોય તો પણ તેમાં મમત્વ ના કરીએ એ નિ:સ્નેહી.

એમ પંચ વર્તમાનમાં દ્રઢ રહેવા પ્રયત્ન કરીશું તો વીજળી જેવા સંત થઈ જઈશું.

'ને પોતાને બ્રહ્મરૂપ માને...'

ગુણાતીત સંત મારો આત્મા છે એમ માને એ બ્રહ્મરૂપ માન્યું. હું બાબુભાઈ નથી. હું બાબુભાઈ નથી તો મારું બધું આવ્યું ક્યાંથી ? હું તો બાપાનો પ્રકાશ છું. હવે પ્રકાશને ક્યાં પોતાપણું રહ્યું ? બસ, બાપા રાજી થાય તેમ જ કરવું છે. અમને સહેલું કેમ પડી ગયું? તો બાપા પાસે બે હાથ જોડીને કહે તેમ કર્યા કર્યું. બુદ્ધિ બંધ કરી દીધી. જા જતી. પછી ભૂલ થવા જ ન દે. પણ જો જરીકેય અવળચંડાઈ કરી તો મૂંઝવી નાંખે ! નહીંતર શું કામ મૂંઝવે ? એ મારો આત્મા છે. હું અક્ષરરૂપ છું. પછી પોતાપણું કાંઈ ન હોય ને ! કોઈ અપેક્ષાય નહીં. પોતાની માન્યતા હોય, બીજું-ત્રીજું પણ એ રીઝર્વેશન ગુરુ આગળ કોઈ રાખે નહીં. એ પોતાને બ્રહ્મરૂપ માન્યા. સંબંધવાળાની મહારાજનું સ્વરૂપ માની સેવા કરી લઈએ. અહોહોભાવે, ભાવેસહિત સેવા કરી લઈએ એ મહારાજની ઉપાસના કરી કહેવાય.

આપણા બધા માટે ગૃહી કે ત્યાગી હોય એક જ

કાયદો – દેહભાવ જોડે ભળવું નથી. પ્રકાશને કોઈ અસ્તિત્વ જ ના હોય. આત્મારૂપે વર્તીએ એટલે બ્રહ્માનંદની મસ્તી કાયમ રહે. દેહ તો મારો ગુલામ છે. મારા ગુરુની ભક્તિ હોય તો જ વાપરીએ. ૫૧ કેન્દ્રોને તે રીતે વાપરીએ. અત્યારે સત્યુગ ચાલ્યો છે. ભગવાનના બળે, ગુરુના બળે, જોગીમહારાજના સંકલ્પે આપણે ધારીએ તેમ વર્તી શકાશે. આપણા દેહ, ઈંદ્રિયો, અંત:કરણ પ્રભુના ગુલામ તરીકે વર્તશે.

આવું આપણા ભગવત્ સ્વરૂપ બહેનો, સંતો, ભાઈઓ વર્તે છે. વ્રતધારી બહેનો બા, બેન, જ્યોતિબેન, તારાબેન, હંસાબેન, દેવીબેન, જસુબેન, પદુબેન, મધુબેન, સવિબેન, દયાબેન, શોભનાબેન ને તે થકી ત્રીજી-ચોથી પેઢી શરૂ થઈ ગઈ. ભાઈઓ, સંતો ને કેટલાય ગૃહસ્થો પાકી ગયા. ને ચાર પાંખાળો ગુણાતીત સમાજ અસ્તિત્વમાં આવી ગયો.

ગૃહસ્થો પણ એવું જીવી શકે. આપણા બાળકો ૨૧ વર્ષના થાય ત્યાં સુધી આપણી જવાબદારી. પરણાવી દીધાં. પછી આપણે જન્મ ધરીને જે કરવાનું તે કરી લેવાનું તાન રાખવું. જ્યાં અક્ષરવિહારી ને પ્રફુલ્લની જવાબદારી હતી ત્યાં સુધી મેં બજાવી. બાપાના થયા, સાહેબના થયા પછી આપણે છૂટા. કોઈ ચિંતા નહીં કરવાની. આપણે જે થાય તે જોયા કરવું પણ આપણી અક્ષરધામની સમાધિ જવા ના દેવી. એકાંતિક ગૃહસ્થ થવું છે તો ધન, ધામ, કુટુંબ, પરિવાર ભગવાન ને ભગવાનના ભક્તો અર્થે. આપણે ટ્રસ્ટી થઈને રહો. એટલે તમે બધું આપી દ્યો એમ કહેવા નથી માંગતો. પણ ભગવાન ને ભગવાનના ભક્તો આવે તે વખતે એના અર્થે બધું કરી રાખવું. આ બહેનો સત્સંગ અર્થે ગામડે ગામડે જાય ત્યાં ભાઈઓ ઘર સોંપી દે. તે આડોશી-પાડોશીના ઘરે જતાં રહે.

બાપા કહેતાં કે, અમે આવીએ ત્યારે તમારી મોટર અમારા અર્થે રાખવાની. આમ જરૂરિયાત હોય ત્યારે આપી દે. એમ વાત છે. સત્સંગમાં કોઈપણ માંદા પડે તો બાપા મુંબઈ-તારદેવ મોકલે. સત્સંગનો મેડીકલ પોર્ટફોલિયો હું સાચવતો હતો. પછી ડૉક્ટર પાસે લઈ જઈએ. સંતો આવે તો જન્માષ્ટમી બિલ્ડીંગમાં ઉતારીએ. ને ગૃહસ્થો હોય તો સોનાબાના ઘરે. એટલે સોનાબાના ઘરના બધા છૈયા છોકરાં સાથે ઉપર અમારે ત્યાં આવી જાય. એમ ઘર સોંપી દેતાં. એ ટ્રસ્ટી તરીકે જીવ્યાં. એ ધન, ધામ, કુટુંબ, પરિવાર ભગવાન ને ભગવાનના ભક્તોને અર્થે કરી દીધાં કહેવાય. કોઈપણ હિસાબે આપણે ગુણાતીતભાવને પામી જ જવું છે.

ગુણાતીતભાવ એટલે શું ?

મૂંઝવણ, વિક્ષેપ, અભાવના પ્રસંગ આવે તોય ઈમ્યુનીટી રહે. લેવાઈ ના જઈએ. દુ:ખ ના થાય. બ્રહ્માનંદની મસ્તી જાય નહીં એ.

આપણે આચારસંહિતા પ્રમાણે વર્તીએ. વફાદારી રાખી મનથી વર્તીશું તો વીજળી જેવા સંત થઈ જઈશું. સમૂહમાં રહીએ છીએ એટલે મૂઢપણામાં જતું રહેવાય. ત્યાં પોતાની રીત શોધી કાઢીએ. જેથી એવો પ્રસંગ ઉભો થાય તો તરત પ્રભુ સામે નજર જતી રહેશે. સમતામાં રહેવા પ્રયત્ન થશે. માયામાં રહીએ ને લેવાઈએ નહીં તેવા થઈ જઈશું. અમારી આખી એગ્રી સળગી ગઈ. પણ કાકાની ને અમારી બ્રહ્મની મસ્તી એવી ને એવી જ રહી છે. સત્સંગમાં અપમાન થયા તોય, વિમુખ થયા તોય અક્ષરધામની સમાધિ તૂટી નથી.

વિમુખ થયા ક્યારે કહેવાઈએ ? કોઈનો અભાવ લઈએ તો. સ્વધર્મ ચૂકીએ તો. બાપાની અનુવૃત્તિ ચૂકીએ તો. તેવું તો છે નહીં. અંતર ટાઢું ને શુભ સંકલ્પ થાય એ સન્મુખ જ કહેવાય.

**'ને પુરુષોત્તમની ઉપાસના કરે...'**

બ્રહ્મરૂપ માન્યા પણ એમ જોગીને માનીને બેસી રહીએ એમ નહીં. શુકદેવજી બ્રહ્મરૂપ જન્મ્યા'તા. સાકાર બ્રહ્મ. તોય જંગલમાં ભાગ્યા. નકામી પંચાત પડી જશે. જગતમાં ભરાઈ પડાશે... પરબ્રહ્મની ઉપાસના માટે ભાગ્યા... પછી જનકના સંબંધે ભગવાન ને ભક્તોના ગુણગાન ને લીલાચરિત્રો ગાઈને આખું તંત્ર બદલી કાઢ્યું. એ શુકદેવજીએ સાત દા'ડામાં પરીક્ષિતનું કલ્યાણ કરી નાખ્યું.

આપણને જોગીબાપા મળ્યા ! જંગમમંદિર જેવા

પુરુષોત્તમનારાયણને ધારીને એની ભક્તિરૂપ વિચાર, વાણી, વર્તન કર્યા કરીએ.

**'એવા જે સંત તેને મનુષ્ય જેવા ન જાણવા...'**

આપણને વીજળી જેવા સંતોની પ્રાપ્તિ થઈ ગઈ. બા, બેન, જ્યોતિબેન, તારાબેન, હંસાબેન, દેવીબેન, જસુબેન, પદુબેન, મધુબેન, સવિબેન, દયાબેન, શોભનાબેન, ગુણાતીત, જયુબેન, તરૂબેન, મનીબેન, માયાબેન બહેનોમાં તૈયાર થયા. સાહેબને સેવીને અશ્વિનભાઈ, શાંતિભાઈ, સનંદભાઈ, હર્ષદભાઈ, પૂનમભાઈ, રતિભાઈ, બેરીસ્ટર, વી.એસ. તૈયાર થયા. એવા સંતો ને ગૃહસ્થો એમ ઢગલાબંધ વીજળી જેવા સંતો તૈયાર થઈ ગયા. ને ભગવાનનું કામ કરતાં થઈ ગયા. તેમનામાં જોડાઈને સમાગમ કરી લઈએ તો ગુણાતીતભાવમાં રહેતાં થઈ જવાય. તેમના સંકલ્પે આપણા ચૈતન્ય ભેદાઈ જાય. તેને મનુષ્ય જેવા ના માનવા. એ બ્રહ્મસ્વરૂપ છે. મહારાજના વચન છે કે હું સાધુ સ્વરૂપે અખંડ રહીશ. તે સાકાર જોઈએ છીએ.

(ક્રમશઃ)

## પરમની આરાધના

### ૨૪૮. માણાવદર જ્યોત શાખા

શ્રીજીમહારાજની પ્રસાદીના માણાવદર ગામના રહેવાસી નરસીફુવા અને રળીફોઈ યોગીબાપાના યોગમાં આવ્યા. બાપાએ તેમને સમાગમ માટે કાકાશ્રી પપ્પાજીનો જોગ આપ્યો. બંનેને કાકાજી, પપ્પાજીમાં યોગીબાપા જેવો ભાવ દ્રઢ થતાં એમના વચને જીવવાનો આલોચ જાગ્યો. એમને બે દીકરા અને એક દીકરી. બાળકોમાં પણ સત્સંગની નિષ્ઠા દ્રઢ કરાવી.

રળીફઈ અને ફુવા ખૂબ ભલા અને નિર્દોષ. નરસીફુવાએ પપ્પાજી, કાકાજીના સમાગમમાં રહી અનેકને સત્સંગનો રાહ બતાડ્યો. ફઈને જ્યોતિબેન સાથે અંતરની આત્મીયતા થઈ ને એમના વચનને જીવન બનાવી પ્રભુના મહિમાની વાતો કરી સત્સંગમાં અનેકને ભગવાન આપ્યા. ૧૯૬૧માં મોટા દીકરા મોહનભાઈને યોગીબાપાની સેનામાં સાધુ થવા રજા આપી. બાપાએ એમને 'આચાર્યસ્વામી'ના નામે ઓળખાવ્યા. તેઓ સાંકરદા અક્ષરવિહારીસ્વામીજીની નિશ્રામાં રહી ગુણાતીત સ્થિતિને પામ્યા ને અક્ષરવિહારીસ્વામીજીની આજ્ઞાએ વિદ્યાનગર મોગરી મુકામે 'પપ્પાજી તીર્થ'ની સેવામાં રહી સત્સંગ સમાજને પ્રભુ આપી યોગીજીની ભક્તિ કરી લીધી.

દીકરી મુક્તાને (બેનીબેનને) હંસાદીદી સાથે આત્મીયતા થઈ અને ભગવાન ભજવાનું મન થયું. તો એમને ખૂબ સાથ આપ્યો અને પ્રેમથી ભગવાન ભજવાની રજા આપી. આજે એ પણ ગુણાતીતભાવને પામી દીદીના વચને સત્સંગની સેવાભક્તિ કરી રહ્યાં છે.

સત્સંગપ્રધાન જીવન જીવતા ફઈ અને ફુવાએ પપ્પાજીને પ્રાર્થના કરી કે અહીં આપણા ઘરમાં જ ગુણાતીત જ્યોતની શાખા શરૂ કરો તો મંડળને લાભ મળે. નાના પુત્ર મધુભાઈએ રાજીખુશીથી સંમતિ આપી અને મધુભાઈ એમના ધર્મપત્ની ઈલાબેન અને બાળકો સાથે જૂનાગઢ રહેવા ગયા. ૧૯૮૧ની ૨જી ઑગષ્ટ, શ્રાવણ સુદ બીજે જ્યોતમાં બાના અમૃતપર્વનો સમૈયો ઉજવ્યો. અને એ નિમિત્તે પાંચમી ઓગષ્ટે માણાવદરમાં નરસીફુવાને ઘરે પપ્પાજી અને બાના હસ્તે મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરી ગુણાતીત જ્યોતની સ્થાપના કરી.

ફઈ અને ફુવાએ તો સમર્પણ કર્યું પણ મધુભાઈ, ઈલાભાભી અને બાળકોનું પણ સમર્પણ કાંઈ જેવું તેવું નહોતું. તેઓએ આનંદપૂર્વક હસતા હસતા બહેનોને આ ઘર સમર્પિત કર્યું તો પપ્પાજીએ તેઓની જવાબદારી પોતાના શિરે લઈ તેઓને પણ સુખિયા કર્યા. વારસામાં જ સત્સંગનો રંગ લગાડ્યો છે તેથી સત્સંગના સંસ્કારને શોભાડી મધુભાઈ અને ઈલાભાભી જૂનાગઢમાં સત્સંગની સેવા કરી રહ્યા છે. એમના મોટા પુત્ર મનીષભાઈ, કાજલભાભી અને દીકરો શાશ્વત પપ્પાજીના થઈને સત્સંગમાં અહોભાવે સેવા કરે છે. નાના પુત્ર અતુલભાઈ પપ્પાજીના હસ્તે ગુણાતીત પ્રકાશના વ્રતધારી બની પ્રભુ પંથે સાધના કરી રહ્યા છે. ધન્ય છે આખાય કુટુંબને પપ્પાજીના થઈને આજ્ઞામાં રહીને પપ્પાજીના કાર્યનું ગૌરવ વધારી રહ્યા છે.

## સત્સંગ સમાચાર

### તા.૨૮.૯.૨૦૨૫ – પ.પૂ.મમ્મીજીના પ્રાગટ્યદિનની સભા...

તા.૨૮.૯.૨૦૨૫ના મમ્મીજીના પ્રાગટ્યદિનની ઉજવણી પપ્પાજી હૉલમાં કરી. આવાહ્ન શ્લોક અને મમ્મીજીના સ્તુતિગાન કરી સભાનો પ્રારંભ કર્યો. શ્રી ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજીમહારાજ અને પ.પૂ.મમ્મીજીને પુષ્પહાર અર્પણ કર્યા બાદ ગુરુહરિ પપ્પાજીમહારાજ, પ.પૂ.સોનાબા અને પ.પૂ.મમ્મીજીના આશિષ લીધા. ત્યાર બાદ પૂ.ડૉ.નીલમબેને મમ્મીજીના મહિમામાં તરબોળ કર્યા તેનો સાર માણીએ.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજીમહારાજ :** આપણે તો આનંદ જ કર્યા કરવાનો. બાકીનું બધું ગુરુ કરશે. ખરેખર જોગીબાપાની કૃપાથી ક્ષિતિજમાંય દુ:ખ શોધ્યું ના મળે તેવા સુખિયા કરી દીધાં. અત્યારે સત્યુગ ચાલી રહ્યો છે. સિદ્ધદશા પ્રાપ્ત કરી લેવી છે. કુટુંબોના કુટુંબો એકાંતિક બનાવી દીધાં. હક્ક છોડીએ એટલે સુખ આવે જ. માહાત્મ્યેયુક્ત સેવા, સમાગમ, સ્મૃતિ ને સુહૃદભાવ પ્રાર્થના કરાવીને સહેલું બનાવી દીધું છે. તેનાથી મન આનંદમાં રાખવા પ્રયત્ન કરવો. લોક, ભોગ, દેહ ને પક્ષથી પર થઈ જવાય. મમ્મીને તેની રીતે સેવા આપી. એને બહાર જવાનું બહુ ગમે નહીં. ઘર સાચવે. કાકાને કાકાની રીતે ને મને મારી રીતે સેવા આપી. મમ્મીએ ખરેખર ખૂબ સાથ આપ્યો છે. હૈયું રડતું હોય પણ ક્યારેય હૈયાની વરાળ બહાર કાઢી નથી. પ્રસંગ આવે જાણજો રાજીપાની વાત... એવું મમ્મીએ કર્યા કર્યું તો સુખ લેતા થઈ ગયા. તેમ આપણે પણ ખમી, નમીને જીવીએ ને સૌ સુખે સુખે આનંદ કરતા થઈ જાય તેવી પ્રાર્થના ને આશીર્વાદ.

**આશીર્દાન પ.પૂ.સોનાબા :** સ્વામીનો સંકલ્પ પપ્પાજીએ ઝીલ્યો. અને મમ્મીએ પણ. આ કંઈ જેવી તેવી વાત નથી. ખૂબ ખૂબ સહન કરીને, ભજન કરીને પોતાનો હક મૂક્યો. શાથી કે, એમને શાસ્ત્રીમહારાજની સ્વરૂપનિષ્ઠા જબરજસ્ત હતી. તેમને ખૂબ બળ આપી દીધું. આ કાર્ય જે સ્વામીએ સોંપ્યું ને પપ્પાજીએ ઉપાડ્યું. તેમાં કમળાબેને જબરજસ્ત સાથ આપી દીધો. મને એમ થાય કે આ કમળાબેન બહુ સહન કરે છે. જોયા કરું. બેઠા હોય ખાટલા ઉપર. ને આ ભાઈ તો એમની મસ્તીમાં. કાકા પૂછે કે ભાભી કેમ છો ?

પોતાનું મૂકવું તો પડે. ભગવાન જોડે લાવ્યા હશે બ્રહ્મરૂપ કરવા એમને. પપ્પાજી ગુણાતીત સ્વરૂપ હતા તો એમની અંદરનું જે હશે તે કાઢ્યું જ. એમણે પપ્પાજીમાં નિર્દોષબુદ્ધિ રાખી. પપ્પાજીએ એમના બળે, એમની તાકાતે મમ્મીને તૈયાર કર્યાં. કોઈની તાકાત નથી કે પોતાનાને બ્રહ્મરૂપ કરે. પણ ગુણાતીત સ્વરૂપ મળી ગયું. એમને અહંતા, મમતા, મારું – તારું મૂકાવી દીધું. કમળાબેને પપ્પાજી તરફ નજર રાખી તો પામી ગયાં.

ઉભરાટ શિબિર વખતે મમ્મી બીમાર હતાં. મેં અને તારાએ કહ્યું કે, અમે રહી જઈએ ? તો કહે, ના. કોઈએ રહેવાની જરૂર નથી. પપ્પાજી કહે, કંઈ થવાનું નથી. અંદર ખાત્રી જ છે કે કંઈ થવાનું નથી. મમ્મીને ધન્ય છે જરાય વિચારેય ન કર્યો. ગુણાતીતભાવમાં પપ્પા રહ્યાં તો મહારાજ બધું કાર્ય કરતા'તા. આપણને એમાં ખબર ન પડે.

સંતો, ભાઈઓ, બહેનો ને ગૃહસ્થો જે જે તમારા ભણી દ્રષ્ટિ રાખે છે તેનું જતન તમે કરો જ છો. બ્રહ્મરૂપ કરવાનું, ડાઘા કાઢવાનું કામ તમે લીધું છે તે સુખે સુખે કાઢી નાખો. તેવા મમ્મી ને તમે આશીર્વાદ આપો એ જ પ્રાર્થના ને આશીર્વાદ.

**આશીર્દાન પ.પૂ.મમ્મીજી :** ખરેખર વિચારીએ તો અત્યાર સુધી આપણે કાંઈ કરતાં કાંઈ કર્યું નથી. મૂંઝાતા તો હોઈએ. જ્યારે જ્યારે મૂંઝવણ થઈ છે ત્યારે બીજા-ત્રીજા ઉપાય વગર પ્રાર્થના ને ભજન કર્યા કર્યું તો પાર પડી ગયા. તે સમયે કોઈને પૂછાય તેવું નહોતું. એટલે ભજન ને સૂઝે તે સેવા કર્યા કરતાં. તો પપ્પાજીને પ્રાર્થના છે કે જે કંઈ બાકી હોય તે પૂરું કરી આપજો.

**પૂ.ડૉ.નીલમબેન :** પપ્પાજીએ પોતાનો જોગ આપીને, ભક્તોની સેવા આપીને મમ્મીજીના રૂપાંતરનું

કામ સરળ કર્યું. લૌકિક રીતે પતિને પરમેશ્વર માનવાના પણ આ તો ગુણાતીત. પપ્પાજીએ સત્સંગનું કાર્ય ઉપાડ્યું તેમાં મમ્મીનું ચાલવા નથી દીધું. મમ્મીજી સતત સાસુ-સસરાની સેવામાં જ હતાં. પતિને ગુણાતીત માનવા તે મમ્મીજીએ કર્યું. પપ્પાજીની સેવાની સાનુકૂળતા કરવાની તે ખૂબ સૂઝ. પપ્પાજીની સેવા માટે જ જન્મ થયો. પૂર્વના હોય તો જ આટલો ભીડો વેઠી શકે. તારદેવમાં આખો દિવસ સત્સંગ ને તકલીફો ખૂબ. તે બધું અહોહોભાવે સ્વીકારીને વર્ત્યાં. મમ્મીજીએ અમને બધાને આવકાર્યા. અમારી રીત ચલાવી. મમ્મીજી પોતાની ભક્તિથી જીતી ગયાં. પૂર્વના હતા, તો જે બાકી હશે તે પૂરું કરવા આવ્યા હશે.

મમ્મીને કેટલીય બીમારીઓ આવી. નીરૂબેન અમદાવાદ લઈ જાય. બહુ બીમારી સહન કરી છે. પણ પપ્પાજીને તબિયતમાં કંઈ થાય એટલે મમ્મીજી ત્યાં હાજર જ હોય. આઘાપાછા ન થાય. કેટલાયનું જતન કર્યું. પણ કાંઈ અપેક્ષા નથી રાખી.

પપ્પાજી અને મમ્મીજીએ પોતે શ્રમ વેઠીને પરાભક્તિ કરી છે તેના ફળ આપણે માણી રહ્યાં છીએ. એવાં મમ્મીજીને ખૂબ ખૂબ વંદન છે.

## શ્રી ગુણાતીતાનંદસ્વામીજીના પ્રાગટ્યદિનની સભા

આજે શરદપૂનમ. સ્વામીશ્રીએ આ મંગલદિને ધરાને પાવન કરી. શ્રીજીમહારાજને રહેવાનું ધામ એવા સ્વામીશ્રી જન્મ્યા ત્યારથી અક્ષરરૂપે જીવ્યા. વર્તનથી ગુણાતીતભાવના પ્રગટાવીને એકાંતિક ધર્મ પૃથ્વી પર સ્થિત કર્યો. શ્રીજીમહારાજના અવતરણનો હેતુ સમજ્યા ને સંબંધમાં આવનારને શ્રીજી મહારાજનું સ્વરૂપ ઓળખાવ્યું. અક્ષરરૂપ થઈને પરબ્રહ્મની સેવા કરવી તે પાયાનો સિદ્ધાંત સમજાવ્યો. કથાવાર્તા દ્વારા આત્મા – પરમાત્માનું શુદ્ધ સ્વરૂપ સમજાવ્યું. એવા સ્વામીશ્રીના મહિમાગાનની સભા પ.પૂ.દીદીના સાંનિધ્યે રાત્રે ૮:૪૫થી ૧૦ થઈ. આવાહ્ન શ્લોક બાદ સ્વામીશ્રીને વંદના કરી. શ્રી ઠાકોરજી, શ્રી ગુણાતીતાનંદસ્વામીજીને હાર અર્પણ કર્યાં.

પ્રથમ આરતી સદ્‌ગુરુ સ્વરૂપોએ કરી. ત્યારબાદ **પ.પૂ.શોભનાબેને** મહિમાદર્શન કરાવ્યું કે, આપણે સૌ નસીબદાર છીએ કે ગુણાતીત સ્વરૂપો મળ્યા. મોર પર ગુણાતીતની દ્રષ્ટિ હતી તો પારધીના બાણ અસર નહોતા કરતાં. તે પક્કડમાં નહોતો આવતો. તેનું કારણ સત્પુરુષની દ્રષ્ટિ. તેમ આપણને પણ એવા સત્પુરુષ મળ્યા છે. તેમની પક્કડમાં છીએ. સાકાર બ્રહ્મ માનવદેહમાં મળ્યા ને ઓળખાયા. તેમની દ્રષ્ટિ છે તેથી કાળ, કર્મ, માયા આપણને અડી શકે નહીં. પણ ક્યારે ના અડે ? આપણે અખંડ પ્રભુનું ચિંતવન કરીએ તો.

સ્વામીની વાતુ ધારદાર છે. તેમાંથી બળ મળે તેવી છે. જીવન માટેનું ભાથુ મળી જાય તેવી છે. માર માર કરતો કાળ આવતો હોય પણ આશ્રિતની રક્ષા પ્રભુ કરે જ. આ પપ્પાજીની દ્રષ્ટિમાં આપણે આવી ગયા તો તેમની કૃપાથી સ્વભાવ – પ્રકૃતિ ઓગળતા જાય છે. તો આપણે પામી જવાની ગરજ રાખીએ.

ગુરુએ એક શિષ્યને દારૂ ગળામાં રાખવાનો કહ્યો તેમ તેણે કર્યું. પછી કહે, હવે કાઢી નાખ. તેણે કાઢી નાખ્યો. પછી ગુરુએ કહ્યું કે આમાંથી શું સમજ્યો? જેમ આ દારૂ ગળે ઉતર્યો નહીં તેમ સત્સંગ કરીએ છીએ પણ અંતરમાં ઉતરે નહીં તો પરિણામ ના મળે. આવું આપણા જીવનમાં ના બને તે માટે ગ્રાહ્ય દ્રષ્ટિ રાખીને જીવવું. એક તેમના આકારે વૃત્તિ રાખવાથી સુખ આવે. આપણને ટોચા ના લાગે તેવું આ પપ્પાજીને બખ્તર ઘડવું છે. જે માગીએ તેવું કરી આપે તેવા મળ્યા છે. તેમને સંભારીશું તો ચોક્કસ ટાળી દેશે. એટલે આ સમો આપણા માટે સર્વોપરી છે. આપણે તો સનાતન સનાથ છીએ. જે સુખ પ્રાપ્ત થયું છે તે સનાતન રહે ને પપ્પાજીનું કાર્ય બની જઈએ. આપણને બીજું કંઈ અડતું નથી, નડતું નથી. નડે છે આપણો અહંકાર તે જ પાછા પાડે છે. તેનાથી આપણે પર થવું છે.

હે પપ્પાજી! તમારામાં રહેવાની ધખણા રાખીને જીવીએ. તેવી પ્રાર્થના.

ત્યારબાદ દ્વિતીય આરતી ગૃહસ્થ મહિલાઓએ કરી.

**પ.પૂ.હંસાબેન ગુણાતીત :** પપ્પાજી દર શરદપૂનમ કરવા ગોંડલ જતા. જોગીમહારાજે શરદપૂનમે જ બહેનોને ભગવાન ભજાવવાનું કહેલું. પપ્પાજી કેવા કે એ આદેશ રગરગમાં પ્રસરાવી દીધો. ને જે જીવવાનું છે તે આપણા જીવનમાં સાકાર કર્યું. પોતે સેવા કરી ને ફળ આપણને આપ્યું. ને સેવાનો આદર્શ આપ્યો.

આપણે સ્વરૂપોને પ્રસન્ન કરવા જીવન કુરબાન કરી દઈએ. પપ્પાજીનું કેવું જીવન ! રાજકોટથી ગાદલા નહોતા આવતા તો 'હા, આવે છે' એમ પ્રેમથી કહ્યા જ કર્યું. આપણે થોડા જણાને કહેવાનું થાય તો ચીડ ચડી જાય. અદ્‌ભુત સેવા ગોંડલ મુકામે પપ્પાજીએ કરી. આપણા માટે પ્રસંગ બને ત્યારે આ યાદ કરીએ. ખમી, નમી દઈએ. કેવળ કૃપામાં અત્યારે બધું મળે છે. માહાત્મ્યેયુક્ત સેવા કર્યા કરીએ. કપોળવાડીમાં પપ્પાજી ખૂબ સેવા કરતા ને માહાત્મ્ય આપણા જીવનમાં વહેતું મૂક્યું.

ગુણાતીતાનંદસ્વામી મહારાજને આગળ રાખીને જીવ્યા. મહારાજનું સુખ બધાને મળે તેનું તાન રાખતા.

અત્યારે દીદીના રુચિ, રહસ્ય, અભિપ્રાય સમજી એમની અંતરની ઈચ્છા સફળ થાય તેવી પ્રાર્થના.

**પૂ.મંજુબેન ઠક્કર :** પપ્પાજી અને મોટેરા સ્વરૂપોએ આપણા જીવનમાં બહુ કામ કર્યું છે. પપ્પાજીની કૃપાથી ૫૧ બહેનોમાં નંબર લાગી ગયો. હવે મારા ભાગે જે સેવા આવે તે કરી લઉં. સેવા આપી આપીને સ્વભાવ બદલી આપ્યા. બધાને પ્રભુનું સ્વરૂપ માની મહિમા સમજીને સદાય જીવાય તેવું પપ્પાજી ને મોટેરા સ્વરૂપો ખૂબ બળ આપે એ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.દીદી :** શરદપૂનમ એ વર્ષની છેલ્લી પૂનમ. શરદપૂનમે ગોંડલ બધા હરિભક્તો આવે તેની મહેમાનગતિ પપ્પાજીના ફાળે હતી. ગુણાતીતાનંદસ્વામીએ ભગતજી, જાગાસ્વામી ને અદાને મહારાજનો યથાર્થ મહિમા સમજાવ્યો. એ સ્વરૂપોએ ગુણાતીતને ઓળખ્યા એ સમજણ, ઉપાસનાનો લાભ શાસ્ત્રીજીમહારાજને થયો. એમણે બહુ હિંમત કરીને વડતાલ છોડ્યું ને વિમુખ થયા. બહુ કપરા સંજોગો હતા. ભગવાને બહુ જ મદદ કરી. મંદિરો શાસ્ત્રીમહારાજે કર્યા ને યોગીમહારાજે ચલાવ્યા. બધાના અંતરમાં એકાંતિક ધર્મ સિદ્ધ કરાવાની જાગ્રતતા આપી. ત્યાગી કે ગૃહી સાધનાના સિદ્ધાંત બધા માટે સરખા જ છે. હરિભક્તોને જોઈને આનંદ થાય. જેને મારા ભગવાનનો સંબંધ થયો એ આ છે ! આપણે બધા એમના કિરણો બનીને રહીએ એ જ પ્રાર્થના.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજીમહારાજ :** ખરેખર મહારાજ ગુણાતીતને લઈને ન આવ્યા હોત તો ઓળખાયા વગર જતા રહ્યાં હોત. એણે મહારાજને રાજી કરવાની રીત શીખવી. મહારાજની મૂર્તિમાં રહેવું એ જ અમારો ધર્મ છે. જોગીમહારાજે સંકલ્પ કરીને સ્વરૂપ ઓળખાવ્યું. જેવી સ્થિતિ કરવી હોય તે માટે અખાડા ખોલ્યા. એક રુચિવાળાને ભેગા કર્યા. એકલદોકલ હોય તો ના ભજાય.

એની સેવા એની રીતે કરવાની. જોગીમહારાજ કેવું જબરજસ્ત સ્વરૂપ ! સ્વામીની ૧લાની ૧લી વાત મહિમાની આવી. ૨જી વાત સાંખ્યની આવી. તારી પ્રસન્નતા પ્રાપ્ત કરવા ભેગા થયા છીએ. ૧લાની ૨જી વાતે મહોર મારી દીધી. ગર્વ ના જોઈએ. માહાત્મ્યેયુક્ત સેવા જીવનભર કરી લેવી છે. ભગવાનના થઈને જીવીએ. પ્રહ્‌લાદજીને કહ્યું. આપણા માટે કર્તાહર્તા પ્રભુ જ છે. પંચામૃત આપી દીધું. ગુરુ જેવું સુખ ભોગવતા થઈએ.

જાગાસ્વામી, ભગતજી અને અદાએ રાંક રહીને ગુણાતીતને રાજી કરી લીધા. આપણી કશી ય ગણતરી ના થાય તે હારામાં હારું છે. આઠે પોર સેવા કર્યા કરીએ. અખંડ અંતર ટાઢું ને શુભ સંકલ્પ કર્યા કરીએ. આપણને મૂંઝવણમાં જવા અસમર્થ બનાવી દે. જન્મોજન્મ આવી સેવા માગ્યા કરીએ તેવા બનાવી દે એ જ અંતરની પ્રાર્થના ને આશીર્વાદ.

અંતમાં સાધક બહેનોએ આરતી કર્યા બાદ સભાનું સમાપન થયું.

## પ્રભુ સાંનિધ્યે બિરાજ્યા...

**★ અમદાવાદના પૂ.યજ્ઞેશભાઈ આનંદીલાલભાઈ ભાવસાર તા.૨૭.૯.૨૦૨૫ના અક્ષરનિવાસી થયા છે.**

પૂ.યજ્ઞેશભાઈ એટલે ઢાલની પોળના પૂ.ભાનુબેન આનંદીલાલભાઈ ભાવસારના દીકરા. તેઓને



ગુરુહરિ પપ્પાજીમહારાજ, પ.પૂ.જ્યોતિબેનની દ્રઢ નિષ્ઠા હતી. તેમના પત્ની પૂ.સ્નેહાબેન પણ સેવા કરતા રહે છે. તેઓને ઘણા વખતથી શારીરિક તકલીફો ચાલુ હતી. છેલ્લે હૉસ્પિટલમાં હતા. તેમને ઘરે આવવાની ઈચ્છા હતી. ગુરુહરિ પપ્પાજીમહારાજ અને પ.પૂ.જ્યોતિબેનનું સ્મરણ કરતા કરતા ઘરે આવ્યા ને પછી થોડા કલાકમાં ધામમાં ગયા.

તેમના સર્વે કુટુંબીજનોને ખૂબ બળ મળે તેવી પ્રાર્થના.

**★ ગુણાતીત સમાજના ગૃહસ્થ એકાંતિક પ.પૂ.હસુબેન અશ્વિનભાઈ શાહ મૂળ સુરેન્દ્રનગર હાલ અમદાવાદ નિવાસી તા.૨૮.૯.૨૦૨૫ના અક્ષરનિવાસી થયાં છે.**



ગુરુહરિ પપ્પાજીમહારાજ, પ.પૂ.બેન અને સૌ ગુણાતીત ગુરુઓના આશ્રયે રહી ખૂબ ભક્તિ, નિષ્ઠા અને સત્સંગમય જીવન વિતાવી, તેમની બે દીકરીઓ પૂ.શ્રુતિ અને પૂ.તૃપ્તિ અને દીકરા પૂ.અભિલાષને પણ અદ્‌ભુત સત્સંગનો વારસો આપી, ગુરુહરિ પપ્પાજી, ગુણાતીત જ્યોત વિષે નિષ્ઠા, ભક્તિ અર્પી ને શ્રીજી, પપ્પાજી અને બેનના ચરણોમાં બિરાજમાન થયાં છે.

તેઓ પૂ.ડૉ.વીણાબેનના મોટા બેન હતાં. સભા, કથાવાર્તા, ભજન, ભક્તિમાં તરબોળ રહી જીવનના છેલ્લા વર્ષો દિવસો પસાર કરી સુખ, શાંતિથી છતીંદેહે અક્ષરધામનું સુખ ભોગવતા થકા સ્વધામ સીધાવ્યા છે. એમની ભક્તિને વધાવી આપણે સૌ શ્રીજી, પપ્પાજીને રાજી કરી લઈએ. તેમના કુટુંબને ખૂબ બળે અને તેમનો વારસો જાળવી સુખી થાય તેવી પ્રાર્થના.

**★ અમદાવાદ – નરોડાના પૂ.ભાવનાબેન કનુભાઈ ગજ્જર તા. ૭.૧૦.૨૫ના અક્ષરનિવાસી થયાં છે.**

પૂ.ભાવનાબેન અને કનુભાઈએ નરોડા જ્યોતની



સ્થાપના થઈ ત્યારથી ખૂબ સેવા કરી છે. કનુભાઈ ગુણાતીત જ્યોત અને પપ્પાજી તીર્થ પર સેવા માટે આવે ને ભાવનાબેન અવારનવાર સંતો માટે નાસ્તા બનાવીને મોકલે. તેઓને બધાને જમાડવાનો ખૂબ ભાવ. ભક્તિ ઉત્સવે કનુભાઈએ મેઈન ગેટની ખૂબ સેવા કરી હતી. તેની પ્રસન્નતારૂપે પપ્પાજી તેમના ઘરે સામેથી પધારીને આશીર્વાદ આપેલા. તેઓએ પ.પૂ.જ્યોતિબેન, પ.પૂ.ઈંદુબેનની પણ પ્રસન્નતા મેળવી. ખૂબ જ નિષ્ઠાવાળુ કુટુંબ. નરોડા મંડળની બધી જ પ્રવૃત્તિમાં ભાગ લેતાં ને નરોડા જ્યોતની નાની-મોટી સેવામાં હાજર થઈ જતાં.

ભાવનાબેનને દોઢ વર્ષથી નાની-મોટી બીમારી રહેતી. કપરાં સંજોગોમાં પણ મન ભક્તિમય રાખ્યું છે. એમ ભક્તિમય રહેતા થકાં પપ્પાજી અને જ્યોતિબેનના ચરણે બિરાજી ગયાં એવા ભાવનાબેનને અંતરથી અંજલિ અર્પણ કરીએ છીએ.

### નિર્ણય

★ નૂતનવર્ષ વિ.સં.૨૦૮૨ :
કારતક સુદ – ૧, બુધવાર, તા.૨૨.૧૦.૨૦૨૫

★ ભાઈબીજ :
કારતક સુદ – ૨, ગુરુવાર, તા.૨૩.૧૦.૨૦૨૫

★ લાભ પાંચમ :
કારતક સુદ –૫, રવિવાર, તા.૨૬.૧૦.૨૦૨૫

★ દેવ ઉઠી એકાદશી, શાકોત્સવ :
કારતક સુદ – ૧૧, રવિવાર, તા.૨.૧૧.૨૦૨૫

★ એકાદશી :
કારતક વદ – ૧૧, શનિવાર, તા.૧૫.૧૧.૨૦૨૫

★ સંકલ્પ સ્મૃતિદિન :
બુધવાર, તા.૧૯.૧૧.૨૦૨૫

# Report of physiotherapy and medical camp for patients of Arthritis

Shree Gunatit Jyot Mahila Trust, Vallabh Vidyanagar organized physiotherapy and medical camp for patients of Arthritis on Sunday, 21 September 2025, from 9.00 am onwards, at Gunatit Jyot, Manavadar.

Arthritis is a disease that affects the joints connecting the bones. It can manifest in both acute and chronic forms and is associated with inflammation of the joints. The patients with arthritis experience pain, stiffness, and discomfort during mobility. Arthritis has two major forms: osteoarthritis that occurs when the cartilages between joints are damaged; and rheumatoid arthritis, an autoimmune disease that occurs when body□s immune system affects its own joints. Physiotherapy is an important part of treatment for most people with arthritis. The main objective of Physiotherapy in treating arthritis involves improving the mobility and re-establishing the functioning of affected joints.

In view of this, participants were provided free medical consultation and physiotherapy treatments including exercise, prescriptions and lifestyle guidance. Apart from physiotherapy treatment, following drugs were provided to the needy patients :

1) Tab Dan P
2) Cap Pantoprazole 20mg
3) Vitamin D sachets
4) Tab Calcium
5) Volicad Gel

It would benefit the patients by improving quality of life by reducing pain and improving function.

Hence, it can be concluded that patients suffering from arthritis can get immense relief as it helps to manage pain, improve joint mobility and function, and strengthen the muscles around the affected joints through physiotherapy. Advancements are continually being made in the area of PT to improve the quality of life in patients affected with arthritis.

The best diet for arthritis focuses on whole, unprocessed foods, especially those rich in omega-3 fatty acids (like walnuts), antioxidants (found in berries, leafy greens, and colorful vegetables), and fiber (whole grains) to reduce inflammation and support joint health. It also emphasizes maintaining a healthy weight by choosing high-fiber foods and eating a balanced diet to decrease stress on joints.

Arthritis awareness is crucial because it helps in the early diagnosis, treatment, and management of a group of inflammatory joint diseases that affect people of all ages, not just older adults. Key goals are to educate people about the symptoms like pain and stiffness, highlight the condition's impact on quality of life, encourage seeking prompt medical care, and promote self-care and lifestyle changes that can help manage the disease and improve function. Considering the awareness on arthritis, we had projected 3 videos in Gujarati to the participants in groups.

The patients were deeply grateful for the successful organization of the medical camp, team's hard work and seamless coordination that made a real difference, and commitment to serving patients was truly inspiring.

Total 53 patients, 41 females & 12 males participated in the camp. They were consulted by Physiotherapist, Dr. Darshan Kakkad, HOD, Dr. Mukesh Bariya, Assistant Physiotherapist of Hatkesh Hospital, Junagadh and Medical officer, Dr. Nirali Rajani of Porbander. Shree Gunatit Jyot Mahila Trust was very thankful to the above doctors who were involved for the smooth conduction of this programme.

Lastly, P. Pratikshaben Chitaliya, Head, Gunatit Jyot, Manavadar Centre, expressed her gratitude to all the participants of Manavadar and near by places, for their presence & contribution to give full loyalty and support.



॥ સ્વામિશ્રીજી ॥

॥ જય પપ્પાજી ॥



## હાર્દિક નિમંત્રણ

આવો ! પધારો ! સદા દિવ્ય સાકાર પૃથ્વી પરના અક્ષરધામના અક્ષરમુક્તો !

**પ્રાણાધાર ગુરુહરિ પરમ પૂજ્ય પપ્પાજીના**

**૧૧૦મા પ્રાગટ્ય પ્રારંભ 'શાશ્વત સંકલ્પ પર્વ'** ને માણવા...

યોગીજીની દ્રષ્ટિ દીક્ષા પામીને, આત્મસાક્ષાત્કાર પામીને

બ્રહ્મરૂપે, પ્રપત્તિમાર્ગે જીવીને, સ્વયં આ પળ ધામરૂપ રહીને

શુદ્ધ ગુણાતીતભાવે જીવન જીવીને, સૌને બ્રહ્માનંદી મસ્તી બક્ષિશમાં આપીને

શ્વાસે શ્વાસે ગુણાતીત સમાજ, સમગ્ર ધરાનું સર્વોચ્ચ હિત જાણીને

સંકલ્પ, ભજનથી પૃથ્વી પર મહામાનવની યોનિ તૈયાર કરી છે.



હવે, આજે નિરાકાર સ્વરૂપે, વિદેહી રહીને

ભક્તોને અર્થે પ્રગટ રહી, પ્રત્યક્ષનું જ સુખ અર્પી રહ્યા છે તેવા

'સંજીવની દાતા' પપ્પાજીના શ્રીચરણે ને શરણે રહીને

આપણા જીવનને ઉત્સવ બનાવવા, આપ સૌ પધારો !!

**'શાશ્વત સંકલ્પ પર્વ'** ઉજવવા...

**તારીખ : ૧લી નવેમ્બર ૨૦૨૫, શનિવાર**

**સમય : સવારે ૧૦ થી...**

**સ્થળ : પપ્પાજી હૉલ, ગુણાતીત જ્યોત, વિદ્યાનગર**

**સભા સમાપન બાદ મહાપ્રસાદ**

લાઈવ દર્શન

www.gunatitjyot.org







॥ સ્વામિશ્રીજી ॥
॥ જય પપ્પાજી ॥

## હાર્દિક નિમંત્રણ

આવો ! પધારો ! સૌ વહાલા અક્ષરમુક્તો...
પ્રત્યક્ષ પ્રભુ પપ્પાજીનું પ્રેરણા પીયૂષ પ્રસાદરૂપે વહેંચી રહ્યાં છે તેવાં
ગુણાતીત સ્વરૂપ પરમ પૂજ્ય હંસાદીદીનાં પુનિત દર્શન અને આશિષ પામવા...
ગુરુહરિ પપ્પાજીના પૂર્ણ અક્ષર સ્વરૂપે વિચરીને સંકલ્પ, પ્રાર્થનાથી
સૌને આધ્યાત્મિક સનાતન સુખ અર્પી રહ્યાં છે તેને માણવા...
સાકાર સાક્ષાત સદેહે પ્રત્યેક પળે દિવ્ય જીવનને ઉત્સવ બનાવી
આત્માના ઓજસ અને આનંદ પ્રસારી રહ્યાં છે તે ઝીલવા...
પરાભક્તિની પરમ તપસ્યાનું ઋણ ચૂકવવા...
આપણાં સૌનાં હૃદય ધબકાર સમ પરમ પૂજ્ય હંસાદીદીના

## 'પ્રેરણા પીયૂષ પર્વ'

### ૯૦ મા પ્રાગટ્ય પ્રારંભને ઉજવીએ...

### વર્તનથી... 'પપ્પાજીનું કાર્ય' બનીને...

**તારીખ : ૨જી નવેમ્બર ૨૦૨૫, રવિવાર**
**સમય : સવારે ૧૦ થી...**
**સ્થળ : પપ્પાજી હૉલ, ગુણાતીત જ્યોત, વિદ્યાનગર**
**સભા સમાપન બાદ મહાપ્રસાદ**

લાઈવ દર્શન **www.gunatitjyot.org**







॥ સ્વામિશ્રીજી ॥
॥ જય પપ્પાજી ॥

## હાર્દિક નિમંત્રણ

હે વહાલા અક્ષરમુક્તો ! પધારો ! સ્વાગત વધામણાં '**બ્રહ્માનંદી તેજ પર્વ**'માં...
સાધુતાના ગુણો જે વચ.ગ.પ્ર.૬૨ માં વર્ણવ્યા પ્રમાણેના નિત્યે નિરંતર જેમનાં
સંકલ્પ, ભાવ ને ક્રિયામાં નિખાર પામી રહ્યાં છે એવા
અજોડ દાસાનુદાસ બનીને જીવન જીવનારા
જેમની મૌન વાણી ને નયનોની વાણીને આપણે માણી છે તેને ઉજાગર કરવા
એમની અદ્ભુત અલૌકિક મૂર્તિનાં સુખડાં માણવા !
તેમની પારલૌકિક વેધક દ્રષ્ટિથી આપણા આતમમાં નવચેતના જાગ્રત કરવા
જેની પ્રતિભા સરળ, સહજ, સીધી સાદી છતાંયે
ભક્તિની છોળો, મહિમાનો પ્રકાશ અને કરુણાનો ઉજાશ પ્રસારે છે તેને માણવા !
આપણે સૌ જેના આશરે, આધારે, વચને જીવ્યા અને
તેમના કરુણાભર્યા પ્રાર્થનાસ્ત્રોતને પામ્યા
તેમના નિર્વ્યાજ ભકિતભાવભર્યાં અને પૂર્ણ સમર્પણના ગુણોને માણીએ છીએ
તે અનંત ઉપકારોને યાદ કરીને એકાંતિક ધર્મ સિદ્ધ કરવાની પ્રાર્થના કરવા પધારો...

## ગુણાતીત સ્વરૂપ પરમ પૂજ્ય દેવીબેનના

# 'બ્રહ્માનંદી તેજ પર્વ'

## **૯૦મા પ્રાગટ્ય** પ્રારંભને ઉજવવા...

**તારીખ : ૨૩મી નવેમ્બર ૨૦૨૫, રવિવાર**
**સમય : સાંજે ૫ થી...**
**સ્થળ : પપ્પાજી હૉલ, ગુણાતીત જ્યોત, વિદ્યાનગર**
**સભા સમાપન બાદ મહાપ્રસાદ**

લાઈવ દર્શન
www.gunatitjyot.org

To,

RNI NEW DELHI NO : 20485/71
PO REGD NO : G-AND-336/2025-27
Lic Valid Upto: 31.12.2027
DATE OF PUBLICATION :
21st of every month
DATE OF POSTING :
21st of every month
PLACE OF PUBLICATION (POSTED AT)
Vallabh Vidyanagar MDG 388120




કીર્તન આરાધનાની સ્મૃતિ ઝલક...









Physiotherapy and medical camp for patients of Arthritis at Manavadar

Editor, Proprietor, Publisher : Hemaben Bhatt
Publishing Place : Gunatit Jyot, Pappaji Marg, P.O.Box-23, Vallabh Vidyanagar-388120, Dist.Anand, Gujarat, India
Phone : 9998475765, Website : www.gunatitjyot.org, E-mail: prakashan@guntitjyot.org
Printer & Printing Place : Angatbhai J. Shah, Gujarat Press, Anand-388001, Gujarat, India